## 3 પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના

❒ **હેતુ:** આર્થિક સુરક્ષાના અભાવ હેઠળ જીવન જીવતા મહત્તમ લોકોની સુરક્ષા માટે ખાસ પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અમલમાં મુકવામાં આવેલ છે, જેની લાક્ષણિકતા નીચે મુજબ છે.

અ) આ યોજના એક વર્ષના જીવનવીમાની યોજના છે. જે દર વર્ષે રીન્યુ કરાવી શકાય છે.

બ) આ યોજનાનો ઉદ્દેશ્ય એ એક પ્રકારની જીવન વીમા પોલીસી છે. જેમાં વીમા ધારકના કોઈપણ કારણસર થયેલા મૃત્યુ સામે તેના વારસદાર/પરિવારજનોને રૂપિયા બે લાખ ચૂકવવામાં આવશે. આ માટે દરેક ઉપભોક્તાએ રૂ.૩૩૦/- જેટલું પ્રિમિયમ ભરવાનું રહેશે.

❒ **યોગ્યતા:** બેંકમાં ખાતુ ધરાવતી હોય એવી ૧૮ થી ૫૦ વર્ષની વ્યક્તિ લાભ લઈ શકે છે. ૫૫ વર્ષ પૂર્ણ કર્યા પહેલાં યોજનામાં જોડાયેલ લોકોને વાર્ષિક પ્રિમિયમ ભરવાના કારણે ૫૫ વર્ષની ઉંમર સુધી વીમા રક્ષણ મળશે.

❒ **ફાયદા:** સભ્યનું કોઈ પણ કારણસર મૃત્યુ થાય તો રૂ. ૨ લાખ ચૂકવવા પાત્ર રકમ થશે.

❒ **કાર્યપધ્ધતિ:** ઉક્ત યોજના નીચે રક્ષણ એક વર્ષના સમયગાળા માટે ૧લી જુન થી ૩૧મી મે માટે ગ્રાહકોએ નોંધણી તેમજ એમના બચત ખાતામાંથી આપોઆપ કપાત માટે સંમતિ દર વર્ષે ૩૧મી મે સુધીમાં જરૂરી ફોર્મમાં આપવાની રહેશે, જે પહેલા વર્ષને લાગુ પડશે નહી. નિયત સમય પછી નોંધણી જરૂરી વાર્ષિક પ્રિમિયમ તેમજ સારા આરોગ્ય અંગેનું સ્વ પ્રમાણિત પ્રમાણપત્ર આપી યોજના નીચે રક્ષણ મેળવવું શક્ય રહેશે.

❒ **અમલીકરણ સંસ્થાઓ:** જાહેર ક્ષેત્રની LIC અને અન્ય વીમા કંપનીઓ દ્વારા બેંક મારફતે યોજના અમલમાં મૂકાશે.

Scanned by CamScanner